# શું આપણા સમાજમાં વિકૃતિનું સામાન્યકરણ થઈ રહ્યું છે?



**કૉમેડી શૉમાં હવે વિકૃતિનું પ્રમાણ વધી રહ્યું છે. તાજેતરમાં પ્રણિત મોરેના વાહિયાત શૉમાં હિમાંશુ જાંગડા અને ડૉ. સેજલ પવારની ટિપ્પણી ચર્ચામાં છે પરંતુ ગુજરાતીમાંય આવી 'લવારી' થવા લાગી છે. એટલું જ નહીં, સમાજમાં વિકૃતિ સતત વધી રહી છે**

**અબીલ ગુલાલ**
જયવંત પંડયા

૮૦ ના દાયકાની વાત છે. હિન્દી ફિલ્મોમાં દાદા કોંડકે, જિતેન્દ્રની દક્ષિણની ફિલ્મો અને અમિતાભ બચ્ચનની 'મર્દ', 'જાદુગર' જેવી ફિલ્મોમાં દ્વિઅર્થી સંવાદો અને દ્વિઅર્થી ગીતો આવવાં લાગ્યાં. સિલ્ક સ્મિતાનાં આઈટેમ ગીતોમાં ઉઘાડાં સાથળ દેખાડાતાં અને સાથે શ્રીદેવી જેવી નાયિકા તરીકે એ બતાવવાનું ચાલુ કર્યું, તેના લીધે તે 'થાઇ થંડર ગર્લ' તરીકે ઓળખાઈ પરંતુ '૯૦ના દાયકામાં દ્વિઅર્થી ગીતો આગળ વધ્યાં જેમાં 'રાજા બાબુ', 'અંદાજ' જેવી ડેવિડ ધવનની ફિલ્મોમાં ગીતોની સાથે ડાન્સ મુવમેન્ટ પણ સેક્સ પૉઝિશન જેવી આવવા લાગી.

પરંતુ આજે એવું કંઈ થાય તો, 'ઠીક છે મારા ભાઈ !' આવા ઉદગાર નીકળે. તેનું કારણ એ છે કે હવે તો સૉફ્ટ પૉર્ન પ્રકારનાં સેક્સ સીન આવવા લાગ્યા છે. દિવસે ને દિવસે અશ્લીલતાનું પ્રમાણ આગળ વધી રહ્યું છે અને તે વિકૃતિનું રૂપ ધારણ કરી રહ્યું છે.

ફિલ્મોમાં તો આવું થાય, તેમ કરીને એ સ્વીકારી લેવાયું હતું પરંતુ આજે સ્ટેન્ડ અપ કૉમેડીના નામે કે સમાજમાં પણ આવી વિકૃતિ ફેલાવા લાગી છે. તાજેતરમાં પ્રણિત મોરે નામના અશ્લીલ મજાકનો શૉ ચલાવતા (એક રીતે સમય રૈનાની લાઈનવાળો) સ્ટેન્ડ અપ કૉમેડીના શૉમાં હિમાંશુ જાંગડાએ પોતાની ગર્લફ્રેન્ડ સાથેની જે ચેષ્ટા શયનખંડમાં કરાય (અને તેય લગ્ન પછી) તેની વાતો હસાવવા માટે કરી.

ચાલો, માની લીધું કે હિમાંશુ જાંગડા ગર્લફ્રેન્ડ સાથે આવું કરી શકે અને તેય લગ્ન પહેલાં પરંતુ તેણે તેના માટે જે કારણ આપ્યું તે વાહિયાત હતું અને આજના એ સમાજની વિચારસરણી બતાવે છે જે માત્ર સ્વાર્થ અને પૈસા વસૂલીના ભૌતિકવાદમાં માને છે. તેણે કહ્યું કે ''મેં ગર્લફ્રેન્ડને રૂ. ૩૭૦ની ચિકન બિરયાની ખવડાવી. તો પછી પૈસા વસૂલ તો કરવા પડે ને'' એમ કહી તેણે આગળ શું-શું કર્યું તેનું વર્ણન કર્યું.


એક તરફ પ્રેમની વાતો થાય છે કે પ્રેમમાં કોઈ સ્વાર્થ નથી હોતો, પ્રેમમાં ત્યાગ અને સમર્પણની ચરમસીમા હોય છે. બીજી તરફ, તમારી ગર્લફ્રેન્ડને કંઈ ખવડાવો-પીવડાવો તો તેના પૈસા વસૂલ કરવા જોઈએ. 'અતિથિ દેવો ભવ'ની વિચારસરણીમાં માનતા ભારત દેશમાં આવી ભાવના ક્યારથી આવી ગઈ? હિમાંશુ, સૌરાષ્ટ્રમાં ક્યારેક ભૂલો પડે. અહીં તને કોઈ ઓળખાણ વગર લોકો ખવડાવશે અને પીવડાવશે અને તેના બદલામાં કોઈ અપેક્ષા નહીં રાખે.

કોઈ સ્વાર્થ વગર ખવડાવવું-પીવડાવવું એ તો એક ધર્મ છે. સૌરાષ્ટ્રમાં કોઈના ઘરે જાવ અને તમે કંઈ ખાધાપીધા વગર આવો તે શક્ય જ નથી પરંતુ આજે 'મારે શું' ને 'મારું શું'ની વિચારસરણી હિમાંશુ જેવા અનેક લોકોમાં ઘર કરી ગઈ છે જેઓ માત્ર સ્વાર્થના સંબંધો જ રાખે છે પરંતુ હિમાંશુ સામે લોકોનો, વિશેષ કરીને ફેમિનિસ્ટોનો આક્રોશ થયો અને હિમાંશુની નોકરી પણ ગઈ.

આની સામે આ જ શૉના અન્ય એક એપિસૉડમાં આનાથી પણ વધુ વિકૃત ટિપ્પણી એક મહિલા દર્શકે કરી. આ મહિલા દર્શક પાછી ડૉક્ટર છે ! તેનું નામ સેજલ પવાર. સેજલ પવારે મેડિકલના અભ્યાસ દરમિયાન લાશ પર અભ્યાસ કરતી વખતે "અમે લોકોએ પુરુષનું પેટ કાપી નાખ્યું, માથું કાપી નાખ્યું ને પછી...'' એમ અધ્યાહાર કરી સંકેત આપી દીધો કે શું કાપી નાખ્યું હશે. તેણે આગળ જતાં એમ પણ કહ્યું કે ''અમે સાઈઝ સરખાવીને મજાક કરતાં હતાં.''

વિચાર કરો, હિમાંશુ કરતાં પણ આ મહિલા ડૉક્ટર નીચલા સ્તરે ઊતરી ગઈ! હિમાંશુએ જે કંઈ કર્યું તે સંમતિથી કર્યું, અંગત રીતે કર્યું, ગર્લફ્રેન્ડ સાથે કર્યું, તેમાં તેની નોકરીને કોઈ લેવાદેવા નહોતી તોય તેની નોકરી ઈન્ટરનેટ પર ઊહાપોહના કારણે ગઈ. સામા પક્ષે સેજલ પવાર ડૉક્ટર છે. હવે લોકો વધુ ને વધુ પ્રમાણમાં અંગદાન અને દેહદાન કરતા જાય છે. આવા મૃત લોકોનાં અંગોને જોઈને મજાક કરવી અને તેને આવા ગંદાગોબરા શૉમાં જાહેર કરવી તે કેટલું વાજબી છે? ડૉક્ટરો હિપોક્રસી (નૈતિકતા)ના સોગંદ લેતા હોય છે. આ સોગંદનો સાર્વજનિક રીતે ભંગ આ છોકરી કરી રહી હતી અને તેની સામે કોઈ ઊહાપોહ નહીં. સેજલ પવાર અત્યારે મુંબઈની કેઈએમ હૉસ્પિટલમાં ડૉક્ટર છે. તેની આગળ કયા પુરુષ કે સ્ત્રી દર્દી શરીર તપાસાવા માટે આવશે? એ તો ઠીક, પરંતુ કેઈએમ હૉસ્પિટલે આ લખાય છે ત્યાં સુધી તેની સામે કોઈ પગલાં લીધાનું બહાર આવ્યું નથી. એટલે હવે ઈન્ટરનેટ પર વપરાશકારો એ પણ પૂછી રહ્યા છે કે શું ઈન્ટરનેટ પરનો સમાજ સમાનતાવાદી છે? તે મહિલા અને પુરુષમાં આટલો ભેદભાવ કેમ કરે છે?

...અનુસંધાન પાના નં. 7 પર



# કૉંગ્રેસમાં જૂની પેઢી વિરુદ્ધ નવી પેઢીનો જંગ



**ઈધર-ઉધરકી**
આરતી જેરથ

કૉંગ્રેસના જૂના નેતા ફક્ત શાનદાર નિવૃત્તિ લેવાનો ઈનકાર કરે છે. મધ્યપ્રદેશના 79 વર્ષીય ભૂતપૂર્વ મુખ્યમંત્રી કમલનાથ તેમના રાજ્યમાંથી રાજ્યસભાની બેઠક માટે ભીખ માંગવા દિલ્હી ગયા હતા. 18 જૂને ત્રણ બેઠકોની ચૂંટણી છે અને કૉંગ્રેસ પાસે એક જીતવા માટે પૂરતી સંખ્યા હતી.

રાહુલ ગાંધીએ પગ મુક્યો અને એક વિશ્વાસુ સહાયક મીનાક્ષી નટરાજનને પસંદ કરી, જેમને તેઓ ગાંધીવાદી મૂલ્યો માટે પ્રશંસા કરે છે. એ અલગ વાત છે કે તેમનું નામાંકન તોડફોડ કરવામાં આવ્યું હતું અને ભાજપે ત્રીજી બેઠક પર દાવો કર્યો છે.

ત્યારબાદ 75 વર્ષીય રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત છે જે 2028 ની વિધાનસભા ચૂંટણીમાં સચિન પાયલટના મુખ્યમંત્રી ચહેરા તરીકે પાર્ટીનું નેતૃત્વ કરવા માટે પાછા આવવાની સંભાવનાને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે 2020 ના મધ્યમાં અચાનક પાયલટના બળવાને ફરીથી જીવંત કર્યો જ્યારે નાના નેતાએ અસંતુષ્ટોના એક જૂથ સાથે ગેહલોતની સરકાર લગભગ પાડી દીધી હતી. તેમને શાંત પાડવામાં આવ્યા અને બાદમાં મુખ્યાલયમાં એક પદ આપવામાં આવ્યું અને આ વચન આપવામાં આવ્યું કે જો કૉંગ્રેસ 2028 માં જીતશે તો તેઓ મુખ્યમંત્રી બનશે. ગેહલોત તે ટૂંકા ગાળાના બળવાની યાદોને તાજી કરીને પાયલટની વફાદારી પર પ્રશ્ન ઉઠાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમના સમર્થકો સોશિયલ મીડિયા પર એવી પોસ્ટ્સ ભરી રહ્યા છે જેમાં પાયલટને જાહેર કરવાની માંગ કરવામાં આવી રહી છે કે ગેહલોત સરકારને તોડી પાડવા માટેના તેમના પ્રયાસોને કોણે ભંડોળ પૂરું પાડ્યું હતું. એ સ્પષ્ટ છે કે ગેહલોત રાજસ્થાનમાં પેઢી દર પેઢી થઈ રહેલા નેતૃત્વ પરિવર્તનને રોકવા માંગે છે. ભૂતપૂર્વ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ એકમાત્ર એવા છે જેમણે નિવૃત્તિ લેવાનું પસંદ કર્યું છે. તેમનો રાજ્યસભાનો કાર્યકાળ જૂનમાં સમાપ્ત થાય છે પરંતુ તેમણે તેમને ફરીથી નોમિનેટ ન કરવાના અને નટરાજનને સત્તા સોંપવાના તેમના પક્ષના નિર્ણયને ઉદારતાથી સ્વીકાર્યો.

# સ્થળાંતરનો મુદ્દોઃ ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં નવી તિરાડ?



પશ્ચિમ બંગાળમાં નવી ભાજપ સરકાર ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને બાંગ્લાદેશ પાછા ધકેલી દેવાની તૈયારી કરી રહી છે ત્યારે ભારત-બાંગ્લાદેશ સરહદ પર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગંભીર બની રહી છે.

ભાજપના નવા મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની જાહેરાતનો બાંગ્લાદેશમાં રાજકીય પક્ષો તરફથી જોરદાર વિરોધ થયો છે.

બાંગ્લાદેશ જમાત-એ-ઈસ્લામઈના નેતૃત્વમાં ઈસ્લામિક પક્ષોએ BSFને બાંગ્લાદેશમાં સ્થળાંતર કરનારાઓને શારીરિક રીતે ધકેલી દેવાથી રોકવા માટે વિવિધ સરહદી સ્થળોએ કૂચ કરવાની યોજના જાહેર કરી છે. તેઓ ઢાકામાં મોટા ભારત વિરોધી પ્રદર્શનોનું પણ આયોજન કરી રહ્યા છે.

તેમની સાથે વિદ્યાર્થી સંગઠન NCPના સભ્યો પણ જોડાશે, જે બે વર્ષ પહેલાં ભારત-મૈત્રીપૂર્ણ શેખ હસીનાને વડા પ્રધાન પદેથી દૂર કરવા માટેના આંદોલનનો ભાગ હતો. હકીકતમાં, NCPએ જાહેરાત કરી છે કે તે સરહદ પર માનવ ઢાલ બનાવશે.

પ્રતિરોધ યોજનાઓએ સરહદની બંને બાજુની સરકારોને ચિંતિત કરી દીધી છે કારણ કે તેઓ હાલમાં સંબંધો સુધારવાની પ્રક્રિયામાં છે. જો કે, ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓનો વિવાદાસ્પદ મુદ્દો સામાન્યીકરણમાં અવરોધ સાબિત થઈ શકે છે.

પશ્ચિમ બંગાળની ભાજપ સરકાર દ્વારા ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને પાછા ધકેલવા માટે BSFને ફરજ પાડવાની કડક જાહેરાતોનો બાંગ્લાદેશના સરહદી રક્ષકો દ્વારા તાજેતરમાં બંને સંગઠનોના વડાઓની બેઠકમાં વિરોધ કરવામાં આવ્યો હતો. ઢાકાએ એ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે કે ભારત જેમને ગેરકાયદેસર સ્થળાંતર કરનારા કહે છે તે બાંગ્લાદેશના છે.


# સરકાર બેરોજગારીના મુદ્દાને ગંભીરતાથી કેમ નથી લેતી ?



બેરોજગારી એક વાસ્તવિક સમસ્યા છે જેને સરકાર સ્વીકારવાનો ઈનકાર કરે છે. યુપી સરકારે તાજેતરમાં જાહેર કરેલી કોન્સ્ટેબલ ભરતીનો વિચાર કરો. આ સ્તરે લગભગ 32,000 ખાલી જગ્યાઓ છે. અને અંદાજ લગાવો કે કેટલા અરજદારો છે? 28,86,797! ઉગ્રતા અને હતાશા હૃદયદ્રાવક છે કારણ કે યુપીના ખૂણે ખૂણેથી ઉમેદવારો રાજ્યભરમાં ફેલાયેલા પરીક્ષા કેન્દ્રો પર ઉમટી પડે છે. 1,800 થી વધુ કેન્દ્રો છે પરંતુ આ પણ વિશાળ માંગને પહોંચી વળવા માટે પૂરતા નથી. પરિણામે, પરીક્ષાઓ ત્રણ દિવસમાં પાળીમાં લેવામાં આવશે. ભૂખ એટલી છે કે ઉમેદવારો કેન્દ્રોની બહાર અને બસ સ્ટેશનો પર રસ્તાઓ અને ફૂટપાથ પર સૂવા માટે તૈયાર છે અને પોતાનો વારો આવવાની રાહ જુએ છે. સરકારે બેરોજગારીના મુદ્દાને ગંભીરતાથી લેવાનો સમય આવી ગયો છે.

# જીપની આગળ-પાછળ બેબે પોલીસવાન રાખો, આર્મ્ડ ઓફિસર સાથે

**ક્રાઈમ કોડ**
પ્રફુલ શાહ



સુખ વહેંચવા સંગત જોઈએ અને દુઃખ વહેંચવા અંગત જોઈએ પણ આવા તર્કથી પર હતી આજે 'આહવાની હવા' અખબારની રીપોર્ટર સોનલી ભીલ. ખૂબ રાજી હતી. કહો કે ખુશીથી હવામાં ઊડતી હતી. પોતાની પહેલી એક્સક્લુઝિવ સ્ટોરી છપાઈ, એ પણ પહેલે પાને, આઠ કોલમના બેનરમાં અને પાછી બાયલાઈન સાથે. ડાંગની પત્રકાર આલમમાં એના આગમનની છડી સૂર્યોદયની પહેલી કિરણે પોકારી હતી. સવારથી ફોનને મેસેજ આવતા હતા અભિનંદનના. બહુ થોડામાં દિલની સાચી લાગણી હતી, બાકીના ઈર્ષાની દાઝથી ગંધાતા હતા.

એ જ સમયે સોનલીનો મોબાઈલ ટહુક્યો. ફોન ઉપાડવા કે ન ઉપાડવાની અવઢવ વચ્ચે કોલરનું નામ જોયું ને તેણે તરત ફોન ઉપાડી લીધો.

'ગુડ મોર્નિંગ પીટરભાઈ. થેન્ક્સ એ લોટ'

'સોનલી... સોનલી એક નાનકડા વાક્યમાં બબ્બે ભૂલ!'

'ભૂલ? કેવી રીતે?'

'થેન્ક્સની જરૂર નથી. મેં મારા કારણસર તને ખબર આપી. બીજું... મને સંબંધમાં જરાય રસ કે વિશ્વાસ નથી. પણ તે ભાઈ કહી દીધો તો જા આજથી હું તારો ભાઈ ને તું મારી બહેન...'

જે બાંધવાથી બંધાઈ અને તોડવાથી તૂટી જાય એનું નામ બંધન પણ આજે આપમેળે બંધાઈ ગયો અને જીવનભર ના તૂટે એનું નામ સંબંધ.

છતાં નવાસવા ભાઈએ કહ્યું:' પણ તે માત્ર મારી વાત પર વિશ્વાસ મૂકવાને બદલે ખાત્રી કરી હોં.. બીજાએ તો છાપી માર્યું હોત વગર મહેનતે પણ તને ડર હતો કે હું ખોટું બોલીને તને ફસાવવા માગતો હતો?'

'ડર નહિ પણ મુંઝવણ હતી કે મોટા છાપાના રીપોર્ટરને બદલે મને કેમ માહિતી આપી? ચોકસાઈ માટે હું ફોટોગ્રાફર સાથે કામે લાગી ગઈ. ખોટું લાગ્યું પીટરભાઈ?'

'ના ના. મસ્ત કામ કરીને ધમાલ મચાવી દીધી તે તો... '

અચાનક કંઈક અવાજ આવતા પીટર તરફથી એકાએક ફોન કપાઈ ગયો.

હા, પીટરના ઘર સામે બે પગ પહોળા કરીને લોકલ ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડ બે હાથેથી દરવાજા ખખડાવતા હતા.

'અરે ફોન કેમ મૂકી દીધો. સોનલી ભીલને મારે ય અભિનંદન આપવાના બાકી છે. ખેર એ જવા દે. મુદ્દાની વાત. એટલું કહી દે કે તને ક્યારે માહિતી મળી અમારી બેઠકની?'

'હું કંઈ સમજ્યો નહિ.. કઈ બેઠકની વાત કરો છો?'

'સાથે ચાલ નિરાંતે સમજાવીશ. તારા કેટલાક જૂના કેસની વાત કરીશું... ખૂબ સમય મળશે મને તારી મહેમાનગતિ કરવાનો...'

પીટર ચૂપચાપ મોબાઈલનું કોલ લિસ્ટ જોઈને બોલ્યો, ' સાંજે ૫:૩૨ વાગ્યે'.

**એ જ તો પ્રોબ્લેમ છે તારો. આજથી તું છુટ્ટો.. તને એનું કારણ પણ નહિ સમજાય. એટલે છેલ્લી મદદ કરી દઉં. આપણું અને ખાસ તારું નાક કાપનારું 'આહવાની હવા' જોઈ લેજે ઈડિયટ**

રાઠોડે પોતાનો ફોન ચેક કર્યો. એમને એસ.પી.સુરેન્દ્ર પુષ્કર્ણાના ઓપરેટર યજ્ઞેશ શેટ્ટીનો ફોન ૫:૫૫ કલાકે આવ્યો હતો. બે પળ વિચારીને જયદીપ રાઠોડ વહેલી સવારે અંધારામાં તીર છોડવા માંડ્યા:

'પીટર, તું સાચું બોલ્યો એટલે હાલ પૂરતાં પગલાં લેતો નથી. હું તારા સી. ડી. આર. એટલે કે કોલ ડિટેઈલ રેકૉર્ડ્સ કઢાવીને સીધો અહીં આવ્યો. એ શા માટે તને માહિતી આપે છે? પૈસા માટે તો ન હોય...બરાબર ને?'

...અનુસંધાન પાના નં. 7 પર

**સટ્ટાક** — કમલ

